# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) સરકારે ઈ-વિઝા ધરાવતા વિદેશી નાગરિકો માટે પ્રવેશ માટેના અગિયાર વધુ આંતરરાષ્ટ્રીય બંદરો જાહેર કર્યાં

2) ભાજપે પોલીસ અત્યાચાર અને આંદોલનકારી વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના વિરોધમાં આજે ઝારખંડ બંધનું એલાન આપ્યું

3) પીયુષ ગોયલે કહ્યું કે જેમ પોર્ટલ દ્વારા 30 કરોડથી વધુ ઓર્ડરથી 20 લાખ કરોડથી વધુ મૂલ્યના માલ અને સેવાઓની ખરીદી સરળ બની

4) પશ્ચિમ કોલંબિયામાં આવેલા 7.4 ની તીવ્રતા ભૂકંપમાં 132ના મોત - 570 લોકો ઇજાગ્રસ્ત થયા

5) કોમનવેલ્થ અંડર-23 તલવારબાજી સ્પર્ધાના પ્રથમ બે દિવસમાં જ ભારતે ચાર સુવર્ણ, ચાર રજત અને નવ કાંસ્ય સહિત 17 ચંદ્રકો જીત્યા

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HOME AFFAIRS-PORTS

સરકારે ઈ-વિઝા ધરાવતા વિદેશી નાગરિકો માટે પ્રવેશ માટેના અગિયાર વધુ આંતરરાષ્ટ્રીય બંદરો જાહેર કર્યા છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે તેમાં નવ જમીન સરહદ બંદરો અને બે હવાઈમથકનો સમાવેશ થાય છે. ભોપાલ , તિરુપતિ હવાઈમથક, અટારી અને અગરતલાના જમીન સરહદ બંદરોનો સમાવેશ થાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , આ બંદરોના ઉમેરાથી ઇલેક્ટ્રોનિક વિઝા વધુ ઉપયોગી બન્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત 72 કલાકથી ઓછા સમયમાં લગભગ 95 ટકા ઈ-વિઝા અરજીઓને મંજૂરી આપે છે. આ નવા બંદરોના ઉમેરા સાથે, ઈ-વિઝા ધરાવતા વિદેશી નાગરિકો માટે ઉપલબ્ધ આંતરરાષ્ટ્રીય પ્રવેશ બંદરોની સંખ્યા વધીને 88 થઈ ગઈ છે. જેમાં 37 હવાઈમથક, 38 દરિયાઈ બંદરો અને 13 જમીન સરહદ બંદરોનો સમાવેશ થાય છે.

# JHARKHAND PROTEST

ઝારખંડના વિદ્યાર્થી વિરોધ પક્ષના નેતા દેવેન્દ્ર નાથ મહતો ગઈકાલે રાંચીમાં વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની વિધાનસભા કૂચમાં ભાગ લેતી વખતે તબિયત બગડ્યા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમના બ્લડ સુગર લેવલમાં ભારે ઘટાડો થયા બાદ ડોક્ટરોએ તેમની હાલત ગંભીર ગણાવી છે. રાજ્યમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓને લઈને શ્રી મહતો નવ દિવસથી ભૂખ હડતાળ પર છે. ગઈકાલે ઝારખંડ વિધાનસભા નજીક થયેલી અથડામણ દરમિયાન ઘણા આંદોલનકારીઓ અને ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા , સાંભળીએ આ અંગે એક અહેવાલ

(BYTE: MEHVISH REHMAAN)

દરમિયાન ભાજપે "પોલીસ અત્યાચાર" અને આંદોલનકારી વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના વિરોધમાં આજે ઝારખંડ બંધનું એલાન આપ્યું છે.

# GOYAL – GEM

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે સરકારનું ઈ-માર્કેટપ્લેસ જેમ પોર્ટલ , યોગ્ય ગુણવત્તા, યોગ્ય કિંમત અને યોગ્ય સમયે યોગ્ય ઉત્પાદનની ખરીદી દર્શાવે છે. શ્રી ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં જેમ પોર્ટલના 10મા સ્થાપના દિવસ નિમિત્તે બોલતા જણાવ્યું હતું કે જેમની શરૂઆત પહેલા સરકારી ભંડોળનો દુરુપયોગ થતો હતો , ખરીદીમાં પારદર્શિતાનો અને સુશાસનનો અભાવ હતો.

શ્રી ગોયલે કહ્યું કે જેમ પોર્ટલ દ્વારા આપવામાં આવેલા 30 કરોડથી વધુ ઓર્ડરથી 20 લાખ કરોડથી વધુ મૂલ્યના માલ અને સેવાઓની ખરીદી સરળ બની છે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમ આઠ વર્ષમાં 10 લાખ કરોડની ખરીદી કરવામાં આવી હતી, જ્યારે 10 લાખ કરોડની ખરીદી ફક્ત બે વર્ષમાં કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું કે બે લાખ 25 હજારથી વધુ મહિલા નેતૃત્વવાળા સાહસોને પોર્ટલ દ્વારા આશરે એક લાખ કરોડના ઓર્ડર મળ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે 42 હજારથી વધુ સ્ટાર્ટ-અપ્સે સરકારી સાહસો સાથે આશરે 66 હજાર કરોડનો વ્યવસાય કર્યો છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે જેમ પોર્ટલને ફરીથી ડિઝાઇન કરવામાં આવી રહ્યું છે.

શ્રી ગોયલે ખરીદદારો અને વેચાણકર્તાઓને મદદ માટે એક ખાસ રાષ્ટ્રવ્યાપી પાંચ-અંકનો હેલ્પડેસ્ક શોર્ટ કોડ 1-4-5-5-0 જાહેર કર્યો.

# SHIVRAJ CHOUHAN-ICAR

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ NSP દ્વારા દેશભરના કૃષિ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને ફેલોશિપ જારી કરી. આ પહેલ હેઠળ છ હજારથી વધુ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર DBT દ્વારા 21 કરોડથી વધુની રકમ પૂરી પાડવામાં આવી છે. આ પહેલ સાથે કૃષિ વિદ્યાર્થીઓ હવે દર મહિને DBT દ્વારા તેમની શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરશે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે નાણાકીય સહાય પૂરી પાડવાની સાથે શિષ્યવૃત્તિ કૃષિ શિક્ષણને મજબૂત બનાવવા માટે એક મુખ્ય સાધન છે. તેમણે ભારતીય કૃષિના ભવિષ્ય માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે કૃષિ શિક્ષણ , સંશોધન અને વ્યવહારુ તાલીમને મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

# US COURT ADANI

યુ.એસ. ફેડરલ કોર્ટે ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામેના કથિત છેતરપિંડી અને લાંચના કેસમાં ફોજદારી આરોપોને ફગાવી દીધા છે. બ્રુકલિન સ્થિત યુ.એસ. ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગેરોફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સ દ્વારા કેસ પડતો મૂકવાની વિનંતીને મંજૂરી આપી હતી. ન્યાયાધીશે આરોપો પડતો મૂકવાના કારણો અંગે સ્પષ્ટતા માંગી હતી, જેમાં શ્રી અદાણીના નવેમ્બર 2024 માં અમેરિકામાં  દસ અબજ ડોલરનું રોકાણ કરવાના વચનનો નિર્ણય પ્રભાવિત થયો હતો કે કેમ તે પણ શામેલ છે.

કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, ગૌતમ અદાણીએ કહ્યું કે તેઓ નમ્રતા અને ન્યાયિક પ્રક્રિયા માટે ઊંડા આદર સાથે તેનું સ્વાગત કરે છે. તેમણે કહ્યું કે પડકારજનક સમયગાળા દરમિયાન, સત્ય, ન્યાય અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ અટલ રહ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDEPENDENCE DAY-DEFENCE MINISTRY

આ વર્ષે ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં યુવા શક્તિ અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે યુવા ભારતના યોગદાનને ઉજાગર કરવામાં આવશે, સાથે જ રાષ્ટ્રીય ગીત , વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી પણ કરવામાં આવશે. આ ઉજવણી અંગે સાંભળીએ એક અહેવાલ

**(BYTE: JAYBHARTI)**

# KERALA-NAVY

ભારતીય અને અમેરિકી નૌકાદળ વિસ્ફોટક શસ્ત્ર નિસક્રીયકરણ અભ્યાસ-2026 ગઈકાલે કેરળના કોચીમાં દક્ષિણ નેવલ કમાન્ડ ખાતે શરૂ થઈ. આ કવાયત 14 ઓગસ્ટ સુધી ચાલશે.

આ દ્વિપક્ષીય કવાયતનો ઉદ્દેશ્ય બંને નૌકાદળોની વિશિષ્ટ ગોતાખોરી અને વિસ્ફોટક શસ્ત્ર નિસક્રીયકરણ ટીમો વચ્ચે આંતર-કાર્યક્ષમતા વધારવા અને વ્યાવસાયિક સહયોગને મજબૂત બનાવવાનો છે.

# TURKIYE PARLIAMENT-PKK MILITANTS

તુર્કીયેની સંસદે હજારો કુર્દિશ આતંકવાદીઓને શરતી માફી આપતા કાયદાને મંજૂરી આપી છે. આનાથી કુર્દીસ્તાન વર્કર્સ પાર્ટી સાથે શાંતિ પહેલને આગળ વધારવામાં મદદ મળશે.

આ કાયદા હેઠળ , કુર્દીશ આતંકવાદીઓ સંપૂર્ણપણે શસ્ત્રો સોંપી દે તો જ માફી આપવામાં આવશે. ગયા વર્ષે , કુર્દીસ્તાન વર્કર્સ પાર્ટીએ તુર્કીયે સરકાર સામેના તેના દાયકાઓથી ચાલી આવતા સશસ્ત્ર અભિયાનનો અંત લાવવાની જાહેરાત કરી હતી. આ નિર્ણય તેના જેલમાં બંધ નેતા અબ્દુલ્લા ઓકલાનના કોલ બાદ લેવામાં આવ્યો હતો.

આ નિર્ણયથી તુર્કીયે અને ઇરાક વચ્ચેના સંબંધો મજબૂત થવાની શક્યતા છે.

# COLOMBIA EARTHQUAKE

પશ્ચિમ કોલંબિયામાં ગઈકાલે 7.4 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેમાં 132 લોકો માર્યા ગયા હતા અને 570 લોકો ઇજાગ્રસ્ત થયા હતા. અમેરિકી ભૂસ્તરશાસ્ત્રીય સર્વે અનુસાર ભૂકંપનું કેન્દ્ર રાજધાની બોગોટાથી લગભગ 400 કિલોમીટર પશ્ચિમમાં ચોકો પ્રદેશના સાન જોસ ડેલ પાલ્મરમાં હતું. ભૂકંપથી સેંકડો ઇમારતોને નુકસાન થયું અને ઘણા લોકો કાટમાળ નીચે ફસાયા હોવાના અહેવાલ છે.

કોલંબિયાના રાષ્ટ્રપતિ એબેલાર્ડો ડે લા એસ્પ્રીલાએ રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા માટે કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. દેશભરની 20 થી વધુ નગરપાલિકાઓ અસરગ્રસ્ત થઈ હતી. ભૂકંપથી પેરેરા , ક્વિબ્ડો, કાલી અને મનિઝાલેસ શહેરોમાં નુકસાન થયું હતું. પડોશી ઇક્વાડોર અને પનામામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા , જોકે કોઈ મોટા નુકસાનના અહેવાલ નથી. અધિકારીઓએ આફ્ટરશોક્સની ચેતવણી આપી છે.

# U.S. IMMIGRATION

અમેરિકા ટૂંક સમયમાં ગ્રીન કાર્ડ , નાગરિકતા અને આશ્રય સહિત અનેક ઇમિગ્રેશન લાભો માટે ઓનલાઇન અરજીઓ ફરજિયાત બનાવશે , જેનો હેતુ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને સંચાલન ખર્ચ ઘટાડવાનો છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ , USCIS એ ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત એક નવા નિયમમાં જણાવ્યું છે કે ઓછામાં ઓછા 180 દિવસથી ઇલેક્ટ્રોનિક ફાઇલિંગ માટે ઉપલબ્ધ ફોર્મ્સ ઓનલાઇન સબમિટ કરવા જરૂરી રહેશે.

આ નિયમ અરજદારોને ઓછામાં ઓછા 60 દિવસની સૂચના આપ્યા પછી , ઇમિગ્રેશન ફોર્મ્સ ફક્ત ઓનલાઇન ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા પણ પણ બનાવશે. આ ફેરફારો ગ્રીન કાર્ડ અરજીઓ અને નવીકરણ , કુટુંબ-આધારિત અરજીઓ , નાગરિકતા અરજીઓ , આશ્રય દાવાઓ , રોજગાર અધિકૃતતા અને કામચલાઉ સુરક્ષિત સ્થિતિ ફાઇલિંગ સહિત ઇમિગ્રેશન લાભોની વિશાળ શ્રેણીને અસર કરી શકે છે. અરજદારોએ સામાન્ય રીતે USCIS ઓનલાઇન એકાઉન્ટનો ઉપયોગ કરવાની જરૂર પડશે. તેઓ કાં તો ફોર્મ ઓનલાઈન ભરી શકે છે અથવા સહાયક દસ્તાવેજો સાથે પૂર્ણ કરેલ ફોર્મની PDF અપલોડ કરી શકે છે.

# U-23 FENCING CHAMPIONSHIP

કોમનવેલ્થ અંડર-23 તલવારબાજી સ્પર્ધાના પ્રથમ બે દિવસમાં જ ભારતે ચાર સુવર્ણ, ચાર રજત અને નવ કાંસ્ય સહિત 17 ચંદ્રકો જીત્યા. રવિવારથી નાઇજીરીયાના લાગોસમાં શરૂ થયેલી આ સ્પર્ધા 14 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

નિખિલ વાઘે પુરુષોની સેબર ઇવેન્ટમાં સુવર્ણ અને લક્ષ્ય બડસેરે રજત ચંદ્રક જીત્યો. અશ્વિની આર્ય અને લૈશરામ મોરંબાએ કાંસ્ય ચંદ્રક જીત્યા. તેજસ પાટીલે પુરુષોની ફોઇલ ઇવેન્ટમાં રજત અને હેમાશ સનાસમને કાંસ્ય ચંદ્રક જીત્યો. લોકેશ વેમાણીએ રજત, જ્યારે શૌર્ય અશ્વિની અને ગોડવિન અંકબેસે પુરુષોની એપે ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

મહિલા વર્ગમાં જોયસ આશિતાએ સુવર્ણ અને કનાગા લક્ષ્મીએ ફોઇલ ઇવેન્ટમાં રજત, પ્રાચી લોહાને એપે ઇવેન્ટમાં સુવર્ણ , જ્યારે નિવેદ્યા નાયર અને અનુપ્રિયાએ કાંસ્ય ચંદ્રક જીત્યો. સેબર ઇવેન્ટમાં જેફરલિને સુવર્ણ , અખરી શર્માએ રજત અને શ્રેયા ગુપ્તાએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજના અખબારોમાં ઝારખંડમાં વિરોધ પ્રદર્શન , રશિયા યુક્રેન સંઘર્ષ , ઈરાન અમેરિકા યુદ્ધ , અમરનાથ યાત્રા સ્થગિત , અને રાજ્યમાં વરસાદ અંગેના સમાચાર જોવા મળે છે.
- રાંચીમાં વિધાર્થીઓની વિધાનસભા કૂચ બેકાબૂ – લાઠીચાર્જ આ મથાળા સાથે જય હિન્દે પ્રથમ પાને સમાચાર પ્રકાશિત કર્યા છે . આ ઉપરાંત ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન પૂર્વ ચેરમેનની ધરપકડ , રાજયમાં પાંચ દિવસ માટે ભારે વરસાદ નું એલર્ટ, ઈરાન સામે અમેરિકા હુમલાને બદલે આર્થિક ઘેરાબંધી કરશે જેવા સમાચાર જોવા મળે છે.
- ફૂલછાબે રાંચીમાં વિધાનસભા સુધી પહોંચેલા છાત્રો પર લાઠીચાર્જ આ શીર્ષકને હેડ લાઇન બનાવી છે , આ ઉપરાંત કોલંબિયામાં ભૂકંપ , રશિયા પર યુક્રેનનો હુમલો, સંસદમાં હંગામો જેવા સમાચારો પ્રકાશિત કર્યા છે.
- નવગુજરાતે ઝારખંડમાં આદોલન પર લાઠીચાર્જ ટિયર ગેસ ઝીકયા અનેક વિધાર્થીઓ ઘાયલ આ સમાચારને હેડ લાઇન બનાવી છે.